**રે.દિ.દા.નં. ૨૬૭/૨૦૨૪**

## -:: આંક-૧૨ ની અરજી તળે હુકમ ::-

**(૧)** અરજી વંચાણે લીધી, હાલની અરજી વાદી દ્વારા સી.પી.સી.ઓર્ડર-૩૯ રૂલ-(૧),(૨) મુજબ કરી દાવો ચાલતા દરમ્યાન વચગાળાનો મનાઈ હુકમ માંગતી હાલની અરજી કરવામાં આવેલ છે.

**(૨)** હાલના કામે વાદી વિ.વ.શ્રીએ પોતાની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, વાદીએ હાલનો દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે કરેલો છે. વાદીની માલીકીની રેવન્યુ સીમમાં સર્વે નં.૧૧૫/પૈકી ૧ જમીનના હેકટર ૧-૦૯-૭૮ વાળી જમીન અંજાર ગામની સીમમાં આવેલ છે. વાદીને હાલની દાવાવાળી જમીન વારસાઈ હકકે મળેલ છે. વાદીના માતા શાકરબેન ખીમજી સોરઠીયા પાસેથી હયાતીમાં વારસાઈની રૂએ દાવાવાળી જમીન મળેલ છે જે અંગેની હકક પત્રકમાં ૧૦૫૩૫ વાળી નોંધ પણ પડેલ છે. સદરહું નોંધ પ્રમાણીત થયેલ છે. હાલના કામે સામાવાળાઓએ અમારા ખેતરના વચ્ચેથી ભુલ ભરેલ રીતે હુકમ કરી રસ્તા અંગેની જોગવાઈ કરી નાખેલ છે. આ કામના સામાવાળાઓએ કોઈપણ જાતની ચકાસણી કર્યા વગર અમારા રસ્તામાંથી ખાનગી જમીન હોવા છતાં જાહેર માર્ગ દોરી દીધેલ છે. જેથી હાલનો દાવો લાવવાની જરૂર પડેલ છે. આ કામે વાદીએ કુલ ૩૭ દસ્તાવેજો રજુ કરેલ છે જે ધ્યાને લેતા પણ હાલના કામે વાદીની દાવાવાળી જમીનના માલીક છે અને સદરહું જમીનમાં કોઈપણ જાતનો જાહેર માર્ગ આવેલો નથી તેમ છતાં આ કામના

સામાવાળાએ કોઈપણ જાતની ચકાસણી કર્યા વગર રસ્તા અંગેનો ખોટો હુકમ કરી નાખેલ છે. વધુમાં અમોએ જે આધારો રજુ કરેલ છે જે જોતા તેમાં કયાય રેવન્યુ સર્વે નં.૧૧૩/૧ અને અમો વાદીની જમીન વચ્ચે કોઈ રસ્તો આવતો હોય તેવું કયાય દર્શાવેલ નથી આમ છતાં કોઈ રસ્તો નિકળતો હોય તો તે અંગે આધારો કેસ કામે રજુ કરવામાં વાદીએ સામાવાળા નં.ર વાળા સમક્ષ ચાલુ મામલતદાર કોર્ટ કેસ નં.૧/૨૦૨૪ થી નોટીસ બાય પ્લીડીંગ જાહેર કરેલ હતી તો પણ કેસ કામે તેવું કોઈ રેવન્યુ રેકર્ડ રજુ થયેલ ન હોવા છતાં પ્રતિવાદી નં.ર વાળાએ મામલતદાર કોર્ટ કેસ નં.૧/૨૦૨૪ વાળા કામે તા.૦૪/૦૭/૨૦૨૪ ના રોજ રસ્તો ખુલ્લો કરી હાલનો ભુલ ભરેલો હુકમ કરેલ છે. જેનાથી નારાજ થઈ અમોએ સી.પી.સી કલમ–૮૦ મુજબ નોટીસ પણ આ કામના પ્રતિવાદીઓને આપેલ છે. સદરહું નોટીસ બજી જતા આ કામના પ્રતિવાદીઓએ કોઈપણ જાતની અમલવારી કરેલ ન હોય જેથી સદરહું નોટીસનો સમય પુરો થતા હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે.

સદરહુ દાવો ચાલતા ઘણો સમય જાય તેમ હોય અને અમારી ખાનગી જમીનમાં જાહેર રસ્તો કરી દેવામાં આવે તો અમોને નાણાંમાં ભરપાઈ ના થઈ શકે તેવું નુકશાન જાય તેમ હોય હાલની અરજી વચગાળા માટે કરવાની ફરજ પડેલ છે. જેથી વાદી પોતાનો પ્રાઈમાફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરરીપેરેબલ લોસ પુરવાર કરવામાં સફળ ગયેલ હોય હાલની અરજી મંજુર કરી વચગાળાની દાદ વાદીને આપવા અરજ કરેલ છે.

(૩) આ સામે પ્રતિવાદી નં.૫ તરફે આંક–૧૩ થી દાવા જવાબ રજુ કરેલ છે જેમાં વાદીના દાવાની તમામ હકીકતો નકારી કાઢેલ છે અને વધુમાં જણાવેલ છે કે, વાદીને હાલનો દાવો

કરવા બાબતે કોઈ હકક કે અધિકાર નથી. વાદીના દાવાને જરૂરી પક્ષકારનો બાધ નડતો હોય જેથી મેઈન્ટેનેબલ નથી. વધુમાં, આ કામે વાદીએ રેવન્યુ સર્વે નં. ૧૧૫/પૈકી ૧ વાળી જમીન હેકટર ૧-૦૯-૭૮ પ્રતી આરે વાળી જમીન દાવાવાળી જમીન તરીકે ખોટી રીતે સંબોધેલ છે. જેથી દાવાને ખોટું સ્વરૂપ આપેલ છે. વધુમાં દાવાવાળી જમીનની ઉત્તરે ૨૦ ફુટ પહોળો રસ્તો આવેલ છે જે રસ્તા પરથી અમો પ્રતિવાદીની જમીન રેવન્યુ સર્વે નં.૧૨૭ પૈકી ૧ તથા રેવન્યુ સર્વે નં. ૧૨૭ પૈકી ૨ માં આવવા જવા માટેનો તેમજ અન્ય ખેડુતો તથા લોકોને પણ આવવા જવા માટેનો રસ્તો આવેલ છે. આ રસ્તાનો ઉપયોગ રાજાશાહીના વખતથી થતો આવેલ છે અને છેલ્લાં ૫૦ વર્ષ કરતા વધુ સમયથી સદરહું રસ્તાનો ઉપયોગ પ્રતિવાદીના વડીલો અને પ્રતિવાદી કરતા આવેલ છે. તેમજ આ રસ્તા પરથી સ્કુલમાં જતા વિધ્યાર્થીઓ પણ પોતાના વાહનો દવારા તેમજ પગે ચાલીને આવ જાવ કરે છે. તે રીતે વાદી જાણી જોઈને હાલના દાવાની હકીકત ચોડી મરોડીને રજુ કરી સપ્રેસ કરી ખોટી ચતુર્દિશા બતાવેલ છે. વધુમાં વાદીનું કથન છે કે, સદર જમીનમાં પૂર્વ બાજુથી જમીનમાં આવવાનો ગેટ તથા રસ્તો બનાવવામાં આવેલ છે. સદરહુ ગેટ તથા રસ્તો જમીનમાં આવવા જવા માટે અંગત ઉપયોગ માટે બનાવવામાં આવેલ છે તે કથનો ખોટા છે. સદરહુ રસ્તો પ્રથમથી જ જાહેર રસ્તો છે અને આ રસ્તાનો ઉપયોગ છેલ્લા ૫૦ વર્ષથી કોઈના પણ હરકત, અંતરાય અને રુકાવટ વગર અમો પ્રતિવાદી તેમજ જાહેર જનતા કરતી આવેલ છે. પ્રતિવાદી નં.૨ વાળાએ જે હુકમ કરેલો છે તે ખરો અને કાયદેસરનો છે આ હુકમની સામે વાદીને નારાજગી હોય તો તેમને પ્રથમ રેવન્યુ ઓથોરીટીને એકઝોસ્ટ કરવી જોઈએ જેના બદલે નામ.કોર્ટના હુકમનો ગેરલાભ લેવા

ખોટી રીતે દાવા અરજી આપ નામ.કોર્ટમાં રજુ કરેલ છે. વાદીએ હાલની અરજીમાં માંગેલી દાદ મળવા પાત્ર નથી તેમજ વાદીની હાલની અરજી મંજુર કરી દેવામાં આવે તો આખરી હુકમ થયા બરાબરની પરીસ્થીતીનું નિર્માણ થાય તેમ છે અને સ્કુલના વિદ્યાર્થીઓને આવવા જવા માટે ઉપયોગ કરતા હોવાનો રસ્તો બંધ પડી જાત તેવી પરીસ્થીતીનું નિર્માણ થાય તેમ છે જેથી વાદીની હાલની અરજી ટકવા પાત્ર ન હોય અને પ્રાથમીક કેસ તેમજ સંજ્ઞાનનો સિધ્ધાંત અને નાણાંમાં માણી ન શકાય તેવું નુકશાન વાદીને જતુ હોય તેવું રેકર્ડ પર પુરવાર થતું ન હોય હાલની અરજી નામંજુર કરવા અરજ છે.

**(૪)** હાલની અરજીના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

**૧.** શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

**૨.** શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

**૩.** શું માગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં પણ વળતર ન મળી શકે તેવું નુકશાન જાય તેમ છે ?

**૪.** શું હુકમ ?

**(૫)** ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧–** નકારમાં.

**મુદ્દા નં.૨–** નકારમાં.

**મુદ્દા નં.૩–** નકારમાં.

**મુદ્દા નં.૪–** આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય માટેના કારણો ::–**

**મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ તેમની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.**

(૬) સૌ પ્રથમ હાલના કામે વચગાળાની અરજી નો નિર્ણય કરવા માટે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી જરૂરી હોય. હાલના કામે વાદીએ સૌ પ્રથમ પ્રિરીક્વીઝીટ કન્ડીશન પુરવાર કરવી અનિવાર્ય છે. જેથી સદરહું કાયદાકીય જોગવાઈ સરળતા માટે નીચે મુજબ રીપ્રોડ્યુસ કરવામાં આવેલ છે.

**Order 39, Rules 1 and 2 of the Code of Civil Procedure:–**

Order 39, Rules 1 and 2 of the Code of Civil Procedure (CPC) deal with the granting of temporary injunctions. These rules empower courts to restrain a party from committing certain actions that could cause irreparable harm to the other party or violate their rights, pending the final decision of a suit.

Order 39, Rule 1 outlines the cases where a temporary injunction may be granted. Specifically, it allows the court to issue an injunction if: The defendant is wasting or damaging the suit property, or threatening

to remove or dispose of it to defraud creditors. The defendant is about to dispose of or remove his property to defraud his creditors. The defendant threatens to dispossess the plaintiff or otherwise cause injury to the plaintiff in relation to the suit property.

Order 39, Rule 2 focuses on injunctions to restrain the repetition or continuance of breach of contract or other injury. This rule allows the court to restrain the defendant from committing a breach of contract or any other injury of any kind.

**<u>Section 151 of the Code of Civil Procedure:-</u>**

Section 151 of the Code of Civil Procedure (CPC) deals with the inherent powers of the court. It essentially states that nothing in the CPC limits the court's power to make necessary orders for the ends of justice or to prevent the abuse of the court's process. This means that courts can exercise powers beyond those explicitly mentioned in the CPC, but only when necessary to ensure justice is served.

**(૭)** ઉપરોકત સી.પી.સી. ઓર્ડર-૩૯ રૂલ-(૧),(૨) ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે વાદીએ જયારે વચગાળાની અરજી કે હુકમ મેળવવા માટે કરેલ હોય ત્યારે તે સંજોગોમાં વાદીએ કાયદામાં રહેલી ત્રણ શરતોને પરીપુર્ણ કરવી જરૂરી બને છે. હાલના કામે વાદીએ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે દાવો કરેલ છે. વાદીએ હાલના દાવામાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે રેવન્યુ સર્વે નં. ૧૧૫/પૈકી ૧ વાળી જમીન જે અંજારની રેવન્યુ સીમમાં આવેલ છે જેમાં કોઈપણ જાહેર રસ્તો આવેલ નથી પરંતુ આ કામના પ્રતિવાદી નં.૨ એ ખોટો હુકમ કરીને સદરહુ રેવન્યુ સર્વે

નંબરમાં જાહેર રસ્તાનો હુકમ કરી વાદીને નુકશાન પહોંચાડેલ છે. હાલના કામે વાદી જે પ્રાથમીક કેસ લઈને આવેલ છે તેના માટે વાદીએ કુલ્લે ૨૭ દસ્તાવેજો રજુ કરેલ છે જે દાવાવાળી જમીનને લગતા રેવન્યુ ઓથોરીટીના કાગળો રજુ કરેલ છે. વધુમાં વાદી સ્પષ્ટ જણાવે છે કે દાવાવાળી જમીન તેઓને વારસાઈ હકકે મળેલ છે અને જેથી તેઓનું નામ રેવન્યુ રેકર્ડમાં ચડેલ છે. આ તબકકે પ્રતિવાદી નં.પ એ જે દલીલ રજુ કરેલ છે તે ધ્યાને લેવી અનિવાર્ય બનતી હોય પ્રતિવાદી નં.પ પોતાના લેખીત જવાબમાં જણાવે છે કે દાવાવાળી જમીનમાં છેલ્લા ૫૦ વર્ષથી જાહેર માર્ગ આવેલ છે જેનો ઉપયોગ આજુબાજુના ખેતર માલીકો તથા વિદ્યાર્થીઓ સ્કુલમાં જવા આવવા માટે પોતાના વાહનથી ઉપયોગ કરતા આવેલ છે. આમ જયારે હાલના તબકકે માલીકી અંગેનો કોઈ ન્યાય નિર્ણય કરવાનો રહેતો નથી અને નામદાર સુપ્રિમ કોર્ટના અસંખ્ય ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે વાદી પોતાની વચગાળાની મનાઈ અરજી બાબતે જે દાદ માંગેલ છે તે આખરી દાદ મુજબની જણાતી હોય ત્યારે તે સંજોગોમાં જો વાદી કાયદામાં રહેલી ત્રણ શરતોને પરીપુર્ણ કરતા હોય તેમ છતાં પણ તેઓને વચગાળાનો મનાઈ હુકમ આપવો યોગ્ય અને વ્યાજબી નથી. હાલના કામે વાદીએ જે હકીકત લાવી દાવો કરેલ છે તે બાબતે હાલના તબકકે માલીકી અંગે કોઈ પુરાવો લીધા વગર નકકી કરી શકાય નહી અને જો વાદીની હાલની દાદ મંજુર કરી દેવામાં આવે તો આખરી દાદ મંજુર કર્યા બરાબરની પરીસ્થીતી નિર્માણ થાય તેવા સંજોગોમાં હાલના કામે અત્રેની કોર્ટ વાદીનો પ્રાઈમાફેસી કેસ હોય તેવું માનતી ન હોય તેમજ વાદીને નાણાંમા માપી ન શકાય તેવું નુકશાન જતુ હોય તેવું રેકર્ડ ઉપર ફલીત થતું નથી. તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના ફેવરમાં ન હોય

ત્યારે તે સંજોગોમાં હાલના કામે વાદી તરફે કરવામાં આવેલ કથનો સાથે અત્રેની કોર્ટ સહમત થતી ન હોય મુદા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: આ ખ રિ હુ ક મ ::-**

(૧) વાદીની વચગાળાની મનાઈ હુકમ મેળવવા માટેની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખ: ૨૦ મી, માસ: નવેમ્બર, સને: ૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ- ૨૦/૧૧/૨૦૨૫
સ્થળઃ-અંજાર-કચ્છ.

**(એ.એમ.વસાવા)**
અધિક સીનીયર સીવીલ જજ,
અંજાર-કચ્છ.
જજ કોડ: જી.જે.૦૧૧૧૭

//ડી.ડી.ચૌધરી//